**રે. મુ. નં. ૧૦/૨૦૨૬**

## આંક–૧૧ અન્વયેની અરજી લગત હુકમ

વાદીના વિ.વકીલશ્રીને સાંભળ્યા. પ્રતિવાદી તર્ફે કોઇ હાજર નથી. વાદી તર્ફે સદર અરજી વચગાળાના મનાઇ હુકમ માટે આપવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવવામાં આવેલ છે કે આજરોજ પણ પ્રતિવાદીઓ દ્વારા કોઇ જવાબ રજુ કરવામાં આવેલ નથી. તેમને જે વણવહેંચાયેલ દાવાવાળી મિલકત કે જે તાલુકા પાદરાના ગામ પાટોદ, જી. વડોદરા ખાતે ખાતા નં. ૬૬૫ ના જુના સર્વે નં. ૨૯૨ અને બ્લોક નં. ૨૮૫ અને ખાતા નં. ૬૬૪, જુનો સર્વે નં. ૪૪૪ અને બ્લોક નં. ૪૩૨ માં સમાહિત છે, નો રજીસ્ટર્ડ બાનાખત તા. ૨૫.૦૮.૨૦૨૩ ના રોજ કરી આપવામાં આવેલ છે, તે જ મિલકત સદર દાવાના પ્રતિવાદી નં. ૨ અને ૩ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તા. ૯.૧.૨૦૨૫ ના રોજ વેચાણ કરી દેવામાં આવેલ છે. તેથી જો નવા ખરીદનાર અન્ય કોઇને વેચાણ કરે તો વાદીને નાણાથી ન વાળી શકાય તે મુજબનુ નુકસાન થવાની શક્યતા છે. પ્રતિવાદીઓને નોટીસ બજી ગયેલ છે. પરંતુ તમામ પ્રતિવાદીઓ હાજર પણ થયેલ નથી અને આજરોજ માત્ર એક પ્રતિવાદી તર્ફે મુદત અરજી આપવામાં આવેલી છે. તેથી પ્રતિવાદીઓ સદર કેસની ગંભીરતા ન લેતા હોવાનુ જણાય છે. અને વાદીનો ભય અસ્થાને નથી, તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. તેથી મુખ્ય આંક–૦૫ લગતની કામચલાઉ મનાઇઅરજી પર સુનાવણી થઇને હુકમ ન થાય કે પક્ષકારો અન્ય રીતે રજુઆત ન કરે ત્યા સુધી સ્થળ પર યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવો અને ત્યારબાદ દરેક મુદતે મનાઇહુકમ લંબાવી આપવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયિક જણાય છે. તેથી આંક–૧૧ લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે;

## હુકમ

૧) આંક–૧૧ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨)   બન્ને પક્ષકારોને હુકમ કરવામાં આવે છે કે તેમણે આવતી મુદત સુધી જમીન પરની પરિસ્થિતિ યથાવત જાળવી રાખવી.

હુકમ આજરોજ તારીખ ૫મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫/૦૩/૨૦૨૬
પાદરા.

**(ડો.મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)**
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,
પાદરા.
UID CODE GJ00860